# -: બાંહેધરી પત્રક :-

(૧) આથી હું સોંગદપૂર્વક જણાવું છુ કે, આ અરજી પત્રકમાં જે કંઇ વિગતો/દાખલા મેં આપેલ છે તે મારી જાણ અને સમજ પ્રમાણે સાચા છે તેમાં પાછળથી કોઈપણ વિગતો સાચી ન હોવાની સાબિત થાય તો મને મળેલ લોનની પૂરેપૂરી રકમ વ્યાજ અને દંડનીય વ્યાજ સાથે એકસામટી ભરપાઈ કરવા બાંહેધરી અને ખાત્રી આપું છું.

(૨) લોન લેવા માટે એન.એસ.કે.એફ.ડી.સી. નવી દીલ્હી અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની જે કોઇ શરતો/બોલીઓ અને નિયમો છે તે મને બંધનકર્તા રહેશે તેમજ ભવિષ્યમાં કોઈ શરતો અને બોલીઓ થશે તે પ્રમાણે વર્તવા હું બાંહેધરી આપું છું.

(૩) સરકારી/અર્ધ સરકારી એજન્સી, સંસ્થા કે બેંક પાસેથી વાહન ખરીદવા અથવા અન્ય ધંધા/વ્યવસાય કે રોજગાર માટે કોઈપણ પ્રકારનું લોન-ધીરાણ મેં આ અગાઉ મેળવેલ નથી તેવી બાંહેધરી અને ખાતરી આપું છું.

(૪) અરજી કરેલ સાધન/લોન મને મળશે તો તે લોન/ધિરાણના નિયત કરેલ રકમના હપ્તા નિયમિત રીતે ભરવા અને લોનની પરત ચૂકવણીના સમગ્ર ગાળા દરમ્યાન નિગમને મારૂ વાહન/સાધનો/સામગ્રી હાઈપોથીકેશનમાં રાખવા બંધાઉં છું. લોનનાં હપ્તા સમયસર ન ભરવા માટે રેવન્યુ રાહે હપ્તા, વ્યાજ અને દંડનીય વ્યાજ વસુલ લેવા ભરપાઈ કરવા બંધાઉં છું. જે માટે હું તેમજ મારા વંશ વારસો જવાબદાર રહેશે.

(૫) જો મારી ધંધા/વ્યવસાય માટેની લોન મંજુર કરવામાં આવશે તો લોન મળ્યા પહેલાં, જો અમો સરકારી/અર્ધસરકારી કચેરીમાં કે કોઈપણ સંસ્થામાં "સફાઈ કામદાર " તરીકે નોકરી કરતાં હોઈશું, તો આ નોકરીમાંથી રાજીનામું આપવા અને મને મળેલ લોન ધિરાણમાંથી ધંધા/વ્યવસાય કરવા બંધાઉ છું.

(૬) સદરહું યોજનાનો લાભ મને મળશે તો તે રકમ હું મારા અને મારા કુંટુંબનાં આર્થિક ઉત્થાન માટે જ ઉપયોગમાં લઈશ તેમજ તેને અન્ય કોઈને ગીરો/વેચાણ કે બક્ષીસ કરીશ નહિ. મને મળેલ લોન/ધિરાણનો ઉપયોગ નવી અસ્કયામતો/સાધનો ઉભા કરીને નવી આજીવિકા-રોજી ઉભી કરવા માટે બાંહેધરી આપું છું. જો આવા નાણાં કોઈ હયાત ધંધા સામે એડજસ્ટ કરૂ અથવા જે હેતુ માટે લોન મળી છે તે સિવાયનાં હેતુ માટે વાપરૂ તો નિગમ મારી સામે ફોજદારી રાહે કાયદેસરનાં પગલાં લઈ શકે છે તેની પણ કબુલાત આપું છું.

(૭) મારી સમગ્ર લોન નિયત હપ્તા અને નિયત સમયગાળામાં પૂરી થઇ હશે તો જ મને નિગમનાં નિયમાનુસાર સબસીડી મળવાપાત્ર થશે તે હું બરાબર સમજું છું. કોઈપણ હપ્તાની ચૂક કે ડિફોલ્ટર થયેથી મને કોઈ સબસીડી મળવાપાત્ર થશે નહિ. તેની મને સમજ છે તેની પણ હું બાંહેધરી આપું છું.

સ્થળ : અરજદારની સહી ...............................................

તારીખ: અરજદારનું નામ...........................................

સાક્ષીની સહી......................................................................

સાક્ષીનું નામ..........................................................................

સરનામું .....................................................................................................

.......................................................................................